અપીલ અરજી નં.૧૮૩ તા.૧૪–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ

સામાવાળાઃ–કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૦–૮–૦૯ ની અરજીથી (૧) હરીનગર સ્વામીનારાયણ મંદિરની બાજુની ગલીમાં સીટી ઈન્ડ. એસ્ટેટ મેઈનરોડ પર મોટું બીલ્ડીંગ ઉભુ થઈ રહયું છે. જે ઉમીયા ગ્લાસની બાજુની બાજુમાં ઉમીયા ગ્લાસથી મંદિર તરફ જેનુ કોઈ બોર્ડ માર્યુ નથી તે તથા (૨) ઉધના દરવાજા એપલ હોસ્પીટલની બાજુમાં હાલ બાંધકામ ચાલુ છે અને મોટું બીલ્ડીંગ ઉભુ થઈ રહયું છે. સદર બન્ને બાંધકામની પરવાનગી લીધી છે કે કેમ? તથા તેનું ક્ષેત્રફળ માળ પાર્કીગ વ્યવસ્થા તથા કાયદેસરતા વિગેરે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૪–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૮૩/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૦–૮–૦૯ ની અરજીથી (૧) હરીનગર સ્વામીનારાયણ મંદિરની બાજુની ગલીમાં સીટી ઈન્ડ. એસ્ટેટ મેઈનરોડ પર મોટું બીલ્ડીંગ ઉભુ થઈ રહયું છે. જે ઉમીયા ગ્લાસની બાજુની બાજુમાં ઉમીયા ગ્લાસથી મંદિર તરફ જેનુ કોઈ બોર્ડ માર્યુ નથી તે તથા (૨) ઉધના દરવાજા એપલ હોસ્પીટલની બાજુમાં હાલ બાંધકામ ચાલુ છે અને મોટું બીલ્ડીંગ ઉભુ થઈ રહયું છે. સદર બન્ને બાંધકામની પરવાનગી લીધી છે કે કેમ? તથા તેનું ક્ષેત્રફળ, માળ, પાર્કીગ વ્યવસ્થા તથા કાયદેસરતા વિગેરે માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./આ. નં.૩૩૯૨ તા.૨૯–૮–૦૯થી મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૬૩ તા.૧૯–૯–૦૯ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં.૪૦૭૦ તા.૫–૧૦–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૧૦–૮–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય સંદર્ભની વિગતે બંને મિલ્કતોની બાંધકામ બાબતેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સા.ઝોન/ટેક./આ.નં.૩૩૯૨ તા.૨૯–૮–૦૯ થી અરજદારને " (૧) આપની અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતમાં સદર વસાહતનો લે આઉટ રીવાઈઝ પ્લાન મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ ધ્વારા નં.ટીડીઓ/૩૪૫ તા.૨૪–૨–૦૪ થી મંજુર થયેલ જેનો કુલ એરીયા ૧ ૭૯૯૫૪.૪૪ ચો.મી. તથા એફ.એસ.આઈ.૧.૧૯૯ મંજુર કરવામાં આવેલ (૨) માં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતમાં રીવાઈઝ વિકાસ પરવાનગી મધ્યસ્થ શહેર વિકાસ ધ્વારા નં.ટીડીઓ/ડીપી/૧૦૬ તા.૨૦–૭–૦૯ થી હાઈરાઈઝ કોમર્શીયલ બિલ્ડીંગ મંજુર કરવામાં આવેલ છે. જેનો પ્લોટ એરીયા ૩૧૦૧.૨૪ ચો.મી., એફ.એસ.આઈ.૧.૬૮ અને પાર્કીગ ૩૫૦૯.૮૮ ચો.મી. છે. " તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૧૪–૯–૦૯ થી અપીલ અરજી કરી કેટલામાળની પરવાનગી અને બાંધકામ કેટલું થયું તે જવાબ માહિતીમાં મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે પૈકી કેટલા માળનું બાંધકામ થયું તે માહિતી અપીલ તબકકે વધારાની પૂરક સ્વરૂપે માંગેલ છે. જેનો સમાવેશ મુળ અરજીમાં નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિર્દિષ્ટ મિલ્કતના બાંધકામના માળ અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને દફતરે ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી તેટલા મુદ્દા પૂરતી પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,